# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-01-2025** **MIDDAY : 1.20 to 1.30**

**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં 2 લાખ કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કરશે

2) ઓડિશાના ભુવનેશ્વરમાં આજથી 18માં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી શરૂ

3) બાંગ્લાદેશના ઇમિગ્રેશન અને પાસપોર્ટ વિભાગે પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીના સહિતના 97 નાગરિકોના પાસપોર્ટ રદ કર્યા

4) એક દેશ એક ચુંટણી સંબંધિત બે ખરડા માટે રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિ ની પ્રથમ બેઠક નવી દિલ્હીમાં ચાલી રહી છે

5) રાષ્ટ્રપતિ પદના શપથ ગ્રહણ અગાઉ અમેરિકાના બંધકોને છોડવામાં નહીં આવે તો હમાસ સામે કડક કાર્યવાહીની ટ્રમ્પની ચેતવણી

***********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM - ANDHRA PRADESH VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં 2 લાખ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને ખાતમુહુર્ત કરશે.

શ્રી મોદી  વિશાખાપટ્ટનમ નજીક પુડીમડાકા ખાતે NTPC ગ્રીન એનર્જી લિમિટેડના અત્યાધુનિક ગ્રીન હાઇડ્રોજન સેન્ટર પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. નેશનલ ગ્રીન હાઇડ્રોજન મિશન હેઠળ આ પહેલું ગ્રીન હાઇડ્રોજન સેન્ટર હશે. આ પ્રોજેક્ટ પર અંદાજે 1 લાખ 85 હજાર કરોડ રૂપિયાનું રોકાણ થશે. જેનાથી વર્ષ 2030 સુધીમાં 500 GW બિન-અશ્મિભૂત ઉર્જા ક્ષમતાના લક્ષ્યાંકને હાંસલ કરવામાં મદદ મળશે.

પ્રધાનમંત્રી  આંધ્રપ્રદેશમાં 19 હજાર 500 કરોડ રૂપિયાથી વધુના રેલ અને રોડ પ્રોજેક્ટનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન પણ કરશે.. આ પ્રોજેક્ટ ટ્રાફિકની સમસ્યા  ઘટાડશે, કનેક્ટિવિટી વધારશે અને પ્રાદેશિક સામાજિક અને આર્થિક વિકાસને વેગ આપશે.

શ્રી મોદી અનકાપલ્લે જિલ્લાના નક્કાપલ્લી ખાતે ઔષધીય બગીચાનો શિલાન્યાસ પણ કરશે. આનાથી રોજગારીની ઘણી તકો ઊભી થશે અને આસપાસના વિસ્તારોના આર્થિક વિકાસને પ્રોત્સાહન મળશે

પ્રધાનમંત્રી  તિરુપતિ જિલ્લામાં ચેન્નાઈ-બેંગ્લોર ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર હેઠળ કૃષ્ણપટ્ટનમ ઈન્ડસ્ટ્રીયલ એરિયાનો શિલાન્યાસ પણ કરશે.આ પ્રોજેક્ટથી લગભગ એક લાખ રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે

……………………………………………………………

# DAY PRAVASI BHARATIYA DIVAS

ઓડિશાના ભુવનેશ્વરમાં આજે 18માં પ્રવાસી ભારતીય દિવસ સંમેલનની શરૂઆત થઈ છે. ઓડિશા સરકાર 75 દેશોમાંથી સંમેલનમાં ભાગ લઈ રહેલા લગભગ 6,000 બિન-નિવાસી ભારતીયો સમક્ષ રાજ્યની સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસાનું પ્રદર્શન કરી રહી છે. આ સંમેલનની શરૂઆત યુવા પ્રવાસી ભારતીય દિવસ ઈવેન્ટ સાથે થઈ હતી. જેનું આયોજન ઓડિશા સરકાર દ્વારા કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રાલયની ભાગીદારીમાં કરવામાં આવી રહ્યું છે. આજે યુવા પ્રવાસી ભારતીય દિવસમાં કેન્દ્રીય મંત્રીઓ એસ જયશંકર, પવિત્રા માર્ગેરીતા, મનસુખ માંડવિયા અને ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી ઉપસ્થીત રહ્યા છે.

..............................................................

# BANGLADESH IMIGRATION

બાંગ્લાદેશના ઇમિગ્રેશન અને પાસપોર્ટ વિભાગે 97 લોકોના પાસપોર્ટ રદ કર્યા છે, જેમાં બરતરફ કરાયેલા પ્રધાનમંત્રી શેખ હસીનાનો પણ સમાવેશ થાય છે, ગત જુલાઈમાં થયેલી હત્યાઓમાં તેમની કથિત સંડોવણીને કારણે આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું બાંગ્લાદેશ સરકારે જણાવ્યું હતું.

મુખ્ય સલાહકારના નાયબ પ્રેસ સચિવ અબુલ કલામ આઝાદે ઢાકામાં પત્રકારો સાથેની વાતચિત દરમિયાન મીડિયાને જણાવ્યું હતું કે, "પાસપોર્ટ વિભાગે ગુમ થયેલા 22 લોકોના પાસપોર્ટ રદ કર્યા છે. જ્યારે શેખ હસીના સહિત

75 લોકોના પાસપોર્ટ જુલાઈમાં થયેલી હત્યાઓમાં તેમની સંડોવણીને કારણે રદ કરવામાં આવ્યા છે.

...........................................................

## MAHA KUMBH

ઉત્તર પ્રદેશ રાજ્ય માર્ગ પરિવહન નિગમ પ્રયાગરાજમાં યોજાનારા મહા કુંભ મેળા દરમિયાન ભક્તોની અવરજવર સરળ બનાવવા માટે ઇલેક્ટ્રિક બસો ચલાવશે. 7 હજાર ગ્રામીણ બસો અને 350 શટલ બસો મહા કુંભ વિસ્તારમાં તીર્થયાત્રીઓ માટે તૈનાત કરશે. આ બસો મુખ્ય સ્નાનના દિવસો દરમિયાન સ્થાપિત આઠ કામચલાઉ બસ સ્ટેશનો પરથી ચલાવવામાં આવશે. દરમિયાન, ઉત્તર પ્રદેશ પોલીસે મેળા વિસ્તારમાં, ખાસ કરીને સંગમની આસપાસ સઘન ચેકિંગ અભિયાન શરૂ કર્યું છે. 13 જાન્યુઆરીથી 26 ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર કુંભ મેળામાં વિદેશીઓ સહિત લગભગ 45 કરોડ મુલાકાતીઓ આવે તેવી શક્યતા છે.

...........................................................

## RAJNATH-MALDIVES

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને માલદીવના સંરક્ષણ મંત્રી મોહમ્મદ ઈસાન મૌમૂન વચ્ચે આજે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન બંને મંત્રીઓએ તાલીમ, નિયમિત લશ્કરી કવાયતો અને સંરક્ષણ

પ્રોજેક્ટ્સ સહિત દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગના વિવિધ પાસાઓની સમીક્ષા કરી હતી. માલદીવના સંરક્ષણ મંત્રી ભારતની ત્રણ દિવસની મુલાકાતે છે. તેમના રોકાણ દરમિયાન તેઓ ગોવા અને મુંબઈની પણ મુલાકાત લેશે.

............................................................

# CENTRE-MUKHERJEE MEMORIAL

કેન્દ્ર સરકારે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીનું સ્મારક બનાવવા માટે રાજઘાટ સંકુલ હેઠળ નેશનલ મેમોરિયલ કોમ્પ્લેક્સમાં નિયુક્ત સ્થળ નક્કી કર્યું છે. પૂર્વ રાષ્ટ્રપતિની પુત્રી શર્મિષ્ઠા મુખર્જીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળીને આ માટે તેમનો આભાર વ્યક્ત કર્યો છે.

............................................................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

. . . . . . . . . . . . . .

# JPC ONE NATION ONE ELECTION

એક દેશ એક ચુંટણી સંબંધિત બે ખરડા માટે રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિ ની પ્રથમ બેઠક નવી દિલ્હીમાં ચાલી રહી છે. આ બિલોને સત્તાવાર રીતે બંધારણ બિલ, 2024 અને કેન્દ્રશાસિત પ્રદેશોના કાયદા (સુધારા) બિલ, 2024 તરીકે નામ આપવામાં આવ્યું છે.

પત્રકારો સાથે વાત કરતા, સમિતિના અધ્યક્ષ, બીજેપી સાંસદ, પીપી ચૌધરીએ કહ્યું કે, જ્યાં સુધી પ્રક્રિયાનો સંબંધ છે, સમિતિ તમામ હિતધારકોને સાંભળવાનો પ્રયાસ કરશે. બેઠક દરમિયાન, કાયદા અને ન્યાય મંત્રાલયના પ્રતિનિધિઓ સભ્યોને સૂચિત કાયદાઓની જોગવાઈઓ વિશે માહિતી આપશે. 39 સભ્યોની સમિતિમાં લોકસભામાંથી 27 અને રાજ્યસભાના 12 સભ્યો છે. સમિતિ આગામી સંસદ સત્રના છેલ્લા સપ્તાહના પ્રથમ દિવસે પોતાનો અહેવાલ સુપરત કરશે. આ પેનલમાં ભાજપના નેતાઓ પીપી ચૌધરી, અનુરાગ સિંહ ઠાકુર અને પરષોત્તમ રૂપાલા, કોંગ્રેસના નેતાઓ પ્રિયંકા ગાંધી અને મનીષ તિવારી, ટીએમસીના કલ્યાણ બેનર્જી, એનસીપી (એસપી)ના સુપ્રિયા સુલે સહિત લોકસભાના અન્ય સભ્યોનો સમાવેશ થાય છે.

રાજ્યસભામાંથી ઘનશ્યામ તિવારી, ભુવનેશ્વર કલિતા અને ભાજપના કે. લક્ષ્મણ અને કોંગ્રેસના રણદીપ સિંહ સુરજેવાલા અને મુકુલ વાસનિક અને JDUના સંજય કુમાર ઝા અને YSR કોંગ્રેસના વી. વિજયસાઈ રેડ્ડી સહિત સંયુક્ત સંસદીય સમિતિના સભ્યો છે.

..........................................................

# COLD WAVE

સમગ્ર ઉત્તર ભારતમાં શીતલહેરની સ્થિતિ યથાવત છે. ભારતીય હવામાન વિભાગે આજે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં ઠંડી ની આગાહી કરી છે. IMDએ જણાવ્યું કે, આગામી 3-4 દિવસ દરમિયાન ઉત્તર ભારતના ભાગોમાં સવાર અને રાત્રિના કલાકો દરમિયાન ગાઢ ધુમ્મસની સ્થિતિ રહેશે.

............................................................

# KUTCH CENTRAL MINISTER

કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્બાનંદ સોનોવાલે દિન દયાળ પોર્ટ કંડલાના ગ્રીન હાઈડ્રોજન એકસેલન્સ સેન્ટરનું ખાતમુહુર્ત તથા વેસ્ટ રીસાયક્લીંગ પ્લાન્ટ અને કેન્દ્રીય વિદ્યાલયની નવી ઈમારતો સહિતના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું હતું.

શ્રી સોનોવાલે કંડલા મહાબંદરના ભાવિ આયોજનો પૈકી 57 હજાર કરોડના નવા બે પ્રકલ્પ આકાર પામશે તેવી જાહેરાત કરી હતી, જે પૈકી ક્રીક બહાર 27 હજાર કરોડ રૂપિયાના ખર્ચે નવું મેગા ટર્મિનલ પોર્ટ અને 30 હજાર કરોડ રૂપિયાના ખર્ચે શિપ બિલ્ડીંગ પ્રોજેક્ટ સામેલ છે. જેથી, કંડલા પોર્ટ આગામી સમયમાં મેગા ટર્મિનલ પોર્ટ બનશે.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગ્રીન હાઈડ્રોજન ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે, ત્યારે આગામી દિવસોમાં કંડલા

પોર્ટ ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રે દેશનું હબ બનશે. ચાલુ નાણાકીય વર્ષમાં 150 મિલિયન મેટ્રીક ટન કાર્ગો હેન્ડલ કરવા માટેનો લક્ષ્યાંક છે. અને આગામી ત્રણ વર્ષમાં પોર્ટ 300 મિલિયન મેટ્રીક ટન કાર્ગો હેન્ડલીંગ કરશે. તેમ પણ કેન્દ્રીય શીપીંગ મંત્રીએ ઉમેર્યું હતું.

.............................................................

## TRUMP - GAZA HOSTAGES

અમેરિકાના ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હમાસને ચેતવણી આપી છે કે, જો તે 20મી જાન્યુઆરી પહેલા ગાઝામાંથી અમેરિકાના બંધકોને મુક્ત નહીં કરે તો સ્થિતિ વણસી શકે છે. એક પત્રકાર પરિષદમાં બંધક બનાવાયેલા અમેરિકન નાગરિકોની મુક્તિ અંગેના પૂછાયેલા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, તેઓ 20 જાન્યુઆરીએ અમેરિકાના 47માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે. મંગળવારના રોજ ફ્લોરિડાના માર-એ-લાગોમાં એક પત્રકાર પરિષદને સંબોધતા શ્રી ટ્રમ્પે કહ્યું હતું કે, "જો તે બંધકો પાછા નહીં આવે તો હમાસ સામે કડક કાર્યવાહી કરાશે.

.............................................................

## MALAYSIA OPEN - BADMINTON (EARLY)

મલેશિયાના કુઆલાલંપુરમાં રમાઈ રહેલી મલેશિયા ઓપન બેડમિન્ટનમાં, ભારતના ધ્રુવ કપિલા અને તનિષા કાસ્ટ્રોએ મિક્સ્ડ ડબલ્સની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આ જોડીએ પ્રથમ રાઉન્ડમાં દક્ષિણ કોરિયાની

જોડીને પરાજય આપ્યો હતો. આવતીકાલે રાઉન્ડ ઓફ 16માં આ ભારતીય જોડી ચીનના ખેલાડીઓ સામે રમશે. અન્ય ભારતીય જોડી, આધ્યા વર્યાથ અને સતીશ કરુણાકરન પણ મિક્સ ડબલ્સની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં આગળ વધી છે. તેઓએ આજે સવારે રાઉન્ડ ઓફ 32માં દેશના જ અમૃતા પ્રમુતેશ અને આશિથ સૂર્યાને હરાવ્યા હતા.

મહિલા ડબલ્સમાં ભારતની ઋતુપંદા પાંડા અને સ્વેતાપર્ણા પાંડાની જોડીનો પરાજય થતાં તેઓ ટુર્નામેંટમાંથી બહાર થઈ ગયા છે.

.............................................................

# KHO-KHO-WORLD-CUP-2025

ખો-ખો વિશ્વકપ 13 થી 19 જાન્યુઆરી દરમિયાન નવી દિલ્હી ના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે રમાશે.

ભારતીય ઓલિમ્પિક સંઘના સહયોગથી ખો-ખો સ્પર્ધાની આ પ્રથમ આવૃત્તિમાં 20 પુરુષ અને 19 મહિલા ટીમો ભાગ લેશે. પુરૂષ અને મહિલા ટુર્નામેન્ટની શરૂઆત ગ્રૂપ સ્ટેજથી થશે અને ત્યારબાદ નોકઆઉટ રાઉન્ડની મેચો થશે. દરેક ગ્રુપમાંથી ટોચની બે ટીમો ક્વાર્ટર ફાઈનલ માટે ક્વોલિફાય થશે. પુરૂષ અને મહિલા ટીમોને 4-4 ગ્રૂપમાં વહેચવામાં આવી છે.

.............................................................